# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-11-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## મુખ્યમંત્રી : પાક નુકસાની વળતર

રાજ્યમાં કમોસમી વરસાદથી ખેતીના પાકને થયેલા નુકસાન સામે સરકાર ટૂંક સમયમાં સહાય પેકેજ જાહેર કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા સંદેશમાં આ અંગે માહિતી આપી. તેમણે કહ્યું, કુદરતી આપત્તિની આ આફતમાં રાજ્ય સરકાર સંપૂર્ણ સંવેદનાથી ખેડૂતોની પડખે ઊભી છે.

રાજ્યના મંત્રીઓએ પ્રત્યક્ષ વિવિધ વિસ્તારની મુલાકાત લઈ ખેડૂતોની સ્થિતિ જાણી છે. તંત્ર દ્વારા પાકને થયેલા નુકસાનની સમીક્ષા અને સરવેની કામગીરી ખૂબ જ ઝડપથી હાથ ધરાઈ છે. આ મામલે તેઓ સતત મંત્રીઓ અને અધિકારીઓની સાથે સંકલનમાં હોવાનું પણ શ્રી પટેલે ઉંમેર્યું હતું.

--------------------------------------------------------------------------------

## આરોગ્યમંત્રી

ગાંધીનગરમાં આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. તેમાં કમોસમી વરસાદના કારણે ફેલાતા રોગચાળાને અટકાવવા લેવાતા પગલાં અંગે ચર્ચા કરવામાં આવી. શ્રી પાનશેરિયાએ ડેન્ગ્યૂ, ચિકનગુનિયા જેવા રોગના નિયંત્રણ માટે દરેક જાહેર આરોગ્ય કેન્દ્ર - PHC, સામૂદાયિક આરોગ્ય કેન્દ્ર - CHC અને સરકારી હૉસ્પિટલમાં પૂરતી દવાઓના જથ્થા સાથે આરોગ્યલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ હોવાનું જણાવ્યું હતું.

--------------------------------------------------------------------------------

## કમોસમી વરસાદ

છેલ્લા એક સપ્તાહથી અરબી સમુદ્રમાં સર્જાયેલું ડિપ્રેશન નબળું પડ્યું છે. જો કે, કેટલાક છૂટા છવાયા સ્થળે હળવા ઝાપટા વરસવાની આગાહી વચ્ચે જિલ્લા મથક ભુજ શહેરમાં ત્રણ દિવસના અંતરાલ બાદ સામાન્ય છાંટા પડ્યા હતા, જેનાથી જમીન ભીંજાઈ હતી. બીજી તરફ, યાત્રાધામ હાજીપીર અને તેની આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદી ઝાપટું વરસ્યું હતું.

રાજ્યમાં કમોસમી વરસાદનું જોર ઘટતાં આજે બપોરે 2 વાગ્યા સુધીમાં 21 તાલુકામાં વરસાદના અહેવાલ છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ ગઈકાલે બપોરે પૂર્વ-મધ્ય અરબી સમુદ્રમાં ડિપ્રેશન નબળું પડીને લો પ્રેશરમાં ફેરવાયું હતું, જેના કારણે સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદનું જોર રહેવાની સાથે કચ્છમાં માત્ર હળવા ઝાપટા વરસવાની સંભાવના વ્યક્ત કરાઈ હતી.

હવામાન ખાતાના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે કહ્યું કે, આગામી બે દિવસ સુધી કેટલાક જિલ્લામાં છૂટોછવાયો વરસાદ થઈ શકે છે. દરિયાકાંઠાના વિસ્તારમાં 40થી 50 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. તેમજ બંદર પર ત્રણ નંબરનું સિગ્નલ લગાવાયું છે.

દરમિયાન, જીલ્લામાં રાત્રિનું તાપમાન 20 થી 24 ડિગ્રી વચ્ચે રહેતાં વહેલી સવારે ઠંડક અનુભવાઈ રહી છે. આગામી સાત દિવસ સુધી ન્યૂનતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નહીં થાય તેમ હવામાન વિભાગની યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------

## ભુજ : હવાઇ મથક

પ્રવાસનની સિઝન શરૂ થતા ભુજના હવાઈ મથકે મુસાફરોની અવરજવરમાં વધારો નોંધાયો છે. સામાન્ય રીતે 500 થી 700 મુસાફરની સરખામણીએ હવે રોજના 1100થી વધુ મુસાફરની આવાગમન સાથે દિવસભર એરપોર્ટ ધમધમતું રહે છે. ચાલુ ઓકટોબર મહિનામાં જ પ્રવાસીઓની અવરજવર 21 હજારને પાર થઈ ગઈ છે.

અગાઉ ભુજની મુંબઈ માટે 2 ફ્લાઈટ હતી જેની સંખ્યા હવે 3 થઇ છે. એર ઈન્ડિયાની સવારે અને બપોરે 2 એરબસ અને એલાયન્સ એરની એકાંતરે વિમાની સેવા કાર્યરત છે. આ સિવાય બપોરે સુરત માટે સ્ટાર એરની ફલાઇટ અને સાંજે દિલ્હી માટે એર ઇન્ડિયાની એર બસ છે. જેથી ફલાઇટની સંખ્યા 5 થઈ છે જેમાં 3 એરબસનો સમાવેશ છે.

ભુજ એરપોર્ટના ડાયરેક્ટર નવીનકુમાર સાગરે જણાવ્યું કે, હાલમાં પ્રવાસીઓના ધસારાને જોતા મુસાફરોની બેઠક વ્યવસ્થા માટે ટર્મિનલમાં વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.

---------------------------------------------------------------------------------------

## લોક અદાલત

જિલ્લાના તમામ તાલુકાઓની અદાલતોમાં આગામી 13 ડીસેમ્બરે લોક અદાલત યોજાશે. જેમાં અદાલતમાં ચાલતા હોય તેવા તમામ સમાધાન લાયક સિવિલ તથા ફોજદારી કેસો જેમકે, ફોજદારી સમાધાન પાત્ર ગુનાઓના કેસ,નેગોશીએબલ ઇન્સ્ટુમેન્ટ એક્ટ,બેંક રીકવરી,લેબર,લગ્ન વિષયક, જમીન સંપાદન વળતર, ગ્રાહક સેવા તકરાર,વીજ કંપનીના કેસ,મોટર અકસ્માત વળતરના કેસ અને દીવાની કેસો મુકવામાં આવશે.

લોક અદાલતની વધુ માહિતી માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,જિલ્લા ન્યાયાલય, તાલુકા કાનૂની સેવા સમિતિ તેમજ રાપર, ભચાઉ, ગાંધીધામ, અંજાર, ભુજ, નખત્રાણા, દયાપર, નલિયા, માંડવી અને મુન્દ્રાની અદાલતનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------

## ક્રિકેટ

મહિલા વિશ્વકપ ક્રિકેટના ફાઈનલ જંગમાં નવી મુંબઈ ખાતે વરસાદના વિઘ્ન વચ્ચે દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને ભારતને પ્રથમ બેટિંગ કરવા આમંત્રણ આપ્યું છે. ભારતની ટીમે છેલ્લા અહેવાલ મુજબ 22 ઓવરમાં 1 વિકેટે 129 રન બનાવીને મજબૂત શરૂઆત કરાઇ છે.

બીજી બાજુ, પુરુષ ક્રિકેટમાં ભારતે ઓસ્ટ્રેલિયાને ત્રીજી ટી20 મેચ માં 5 વિકેટથી હરાવી શ્રેણીમાં પ્રથમ વિજય હાંસલ કર્યો છે. એ સાથે પાંચ ટી 20 મેચની શ્રેણી એક-એક થી સરભર

કરી છે. હોબાર્ટ ખાતેની ત્રીજી મેચમાં ઓસ્ટ્રેલિયાએ 6 વિકેટે 186 રન કર્યા હતા. જવાબમાં ભારતે 5 વિકેટ ગુમાવીને 188 રન કરી મેચ જીતી લીધી હતી. વોશિંગ્ટન સુંદર સૌથી વધુ 49 રન કરી અણનમ રહ્યા હતા.

-----------------------------------------------------------------------------------

## તુલસી વિવાહ

પુરાણ પ્રસિદ્ધ તીર્થધામ નારાયણ સરોવર ખાતે આજે તુલસી વિવાહ મહોત્સવની ઉજવણી થઈ રહી છે. પ્રાચીન પરંપરા અનુસાર મુખ્ય મંદિર પરિસરમાં લગ્ન વિધિ યોજાશે એ અગાઉ રાત્રે સાડા આઠ વાગ્યે વરઘોડો નીકળશે. જિલ્લામાં વૈષ્ણવ સંપ્રદાયના મંદિરોમાં તુલસી વિવાહ પર્વ ઉજવાય છે. આજથી લગ્ન સહિત મંગલ કાર્યોનો આરંભ કરાયો છે.

-----------------------------------------------------------------------------------